ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર

મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ તાંત્રિક સંવર્ગોની તા.૩૦/૧૦/૨૦૨૬ ના રોજ લેવામાં આવેલ CBRT પરીક્ષાની Provisional Answer Key cum Response Sheet પ્રસિદ્ધ કરવા બાબતની અગત્યની સૂચના

મંડળ દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવેલ નીચે દર્શાવેલ તાંત્રિક સંવર્ગની સીધી ભરતીની યોજવામાં આવેલ CBRT પરીક્ષાની **Provisional Answer Key cum Response Sheet** નીચે દર્શાવેલ લીંક ઉપર મુકવામાં આવેલ છે. ઉમેદવારો આ લીંક ઉપર ક્લીક કરીને પોતાનું પ્રશ્નપત્ર, ઉમેદવાર દ્વારા આપવામાં આવેલ જવાબ અને તે અંગેની પ્રોવિઝનલ આન્સર કી જોઈ શકશે.

https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/95017/login.html

ક્રમ	જાહેરાત ક્રમાંક/ સંવર્ગનું નામ	પરીક્ષાની તારીખ/સમય	Provisional Answer Key cum Response Sheet જોવા તેમજ ઓનલાઇન વાંધા સૂચન રજૂ કરવા માટેની તારીખ-સમયની વિગતો
૧	૪૩૪/૨૦૨૬૨૭, એગ્રીકલ્ચર ઓવરશીયર (દિવ્યાંગ ઉમેદવારો માટે ખાસ ભરતી ઝુંબેશ)	તા.૩૦/૧૦/૨૦૨૬	તા.૦૨/૧૧/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૦૯/૧૧/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી
૨	૪૩૮/૨૦૨૬૨૭, ઓક્યુપેશનલ થેરાપીસ્ટ	તા.૩૦/૧૦/૨૦૨૬	તા.૦૨/૧૧/૨૦૨૬, ૧૫:૦૦ કલાક થી તા.૦૯/૧૧/૨૦૨૬ ના ૨૩:૫૫ કલાક સુધી

ઉમેદવારોને પ્રોવિઝનલ આન્સર કી સામે કોઈ વાંધો/સૂચન હોય તો ઉમેદવારે તે અંગેના જરૂરી આધાર–પુરાવા સાથે **Online** રજુઆત કરવાની રહે છે. આ પરીક્ષામાં PART-A માં ૯૦ પ્રશ્નો અને PART-B માં ૧૨૦ પ્રશ્નો પૂછવામાં આવેલ છે. **પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો ઓનલાઇન વાંધા સૂચન ઉક્ત જાહેરાતો સામે દર્શાવેલ તારીખ અને સમય સુધીમાં કરી શકાશે.**

ઉપર્યુક્ત વાંધા સૂચનો માટે ઉમેદવારોને ફક્ત અધિકૃત, પ્રમાણિત અને વિશ્વસનિય દસ્તાવેજ આધારિત આધાર–પુરાવા જ રજૂ કરવા જણાવવામાં આવે છે. આધાર–પુરાવા વગરના વાંધા–સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં. તે જ રીતે ChatGPT, Gemini, Grok સહિતના AI આધારિત સાધનો, Google Search તથા અન્ય વેબસાઇટ્સ પરથી પ્રાપ્ત માહિતી, લિંક્સ મેળવીને રજૂ કરેલા


સંદર્ભોને અધિકૃત આધાર–પુરાવા તરીકે માન્ય ગણવામાં આવશે નહીં કે ધ્યાને લેવામાં આવશે નહીં જેની નોંધ લેવા વિનંતી.

પ્રોવિઝનલ આન્સર કી સામે વાંધા/સૂચન કરવા અંગેની **Step-by-step** ગાઈડ અને સૂચનાઓ નીચે મુજબ છે.

1. પ્રસિદ્ધ કરેલ આન્સર કી ના જવાબ સામે ઉમેદવારને વાંધો હોય તો વાંધા સુચન ઓનલાઈન કરવા ફરજિયાત છે. અન્ય કોઈ માધ્યમ દ્વારા રજૂ કરેલ વાંધા સૂચનો ધ્યાને લેવામાં આવશે નહીં.
2. **CBRT** માં હાજર રહેલ ઉમેદવાર જ ઓન લાઈન વાંધા સૂચન રજૂ કરી શકે છે.
3. ઉમેદવાર એક કરતાં વધુ પ્રશ્નો માટે વાંધા સૂચન રજૂ કરી શકશે.
4. ઉમેદવારે પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** પ્રમાણે વાંધા સૂચન ઓનલાઈન સબમિટ કરવાના રહેશે.

Step 1 : નીચેની લિન્ક પર ક્લિક કરો.


https://cdn3.digialm.com/EForms/configuredHtml/32791/95017/login.html




Step 2 : જાહેરાત ક્રમાંક, કન્ફરમેશન નંબર, જન્મ તારીખ અને ઈમેજ ટેક્સ્ટ ટાઈપ કરી Login બટન પર ક્લિક કરશો એટલે નીચે મુજબની સ્ક્રીન ખુલશે.



Step 3 : ઉમેદવાર દ્વારા **Candidate Response** પર ક્લીક કર્યા બાદ નીચે મુજબની સ્ક્રીન ખુલશે.




Step 4 : Click here to generate it પર ક્લીક કરતાં નીચે મુજબની સ્ક્રીન ખુલશે.




ત્યારબાદ, **Print** પર ક્લીક કર્યા બાદ **save as pdf** કરવાથી **Provisional Answer key cum Response Sheet** ઉમેદવારના ડિવાઇસમાં સેવ થશે અને તે ફાઇલની પ્રિન્ટ પણ મેળવી શકાશે.


Step 5 : વાંધા સૂચનો રજૂ કરવા માટે **Objection Form** પર ક્લીક કરવું.




ત્યારબાદ +(સરવાળાના ચિહ્ન) પર ક્લિક કરતાં સૂચનાઓ દેખાશે. વાંધા સૂચનો રજૂ કરતાં પહેલાં સ્ક્રીન પર રજૂ થતી સૂચનાઓ વાંચી જવી.




Step 6 : **Form to Raise Objection** માં જરૂરી વિગતો ભરીને પોતાની **Provisional Answer key cum Response Sheet** માં દર્શાવેલ **Question ID** અને તેને સંબંધિત **Answer ID** પ્રમાણે વાંધા સૂચનો રજૂ કરવા.




ઉમેદવારે પોતાના મંતવ્ય અનુસારના જવાબ રજૂ કરવા **Form to Raise Objection** માં નીચે દર્શાવ્યા પ્રમાણે **Question ID** અને તેને સંબંધિત **Answer ID** અનુસારની વિગતો દર્શાવવાની રહેશે.



Step 7 : જો કોઈ ઉમેદવારને કોઈ **Question ID** માં એક કરતાં વધુ જવાબ સાચા છે, તેવી રજૂઆત કરવી હોય તો તે **Type of Objection** માં જઈને તે વિકલ્પ પસંદ કરીને રજૂઆત કરી શકશે.



તમારી રજૂઆત ના સંદર્ભ માં પુરાવા તરીકે પુસ્તકનું નામ, પૃષ્ઠ નંબર, લેખકનું નામ, પ્રકાશકનું નામ/સરનામું, પ્રકાશનનું વર્ષ દાખલ કરો. ત્યાર બાદ **400 kb** ની મર્યાદામાં વંચાય તેવી સ્પષ્ટ **PDF/JPG/ JPEG** ફાઈલ આધાર પુરાવા તરીકે અપલોડ કરો અને છેલ્લે સબમીટ કરવું. ઉમેદવાર વધુમાં વધુ ત્રણ ડોક્યુમેન્ટ આધાર પુરાવા તરીકે અપલોડ કરી શકશે.



સ્થળ: ગાંધીનગર
તારીખ: ૦૩/૧૧/૨૦૨૫

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ